સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

તરવું છે સેનાના નામે ફોગટ ફૂલવામાં છે,
સૂર્યાસ્ત છે નજીક હવે 'દિવસ' ઉલવામાં છે.
ખૂલવામાં છે ભેદ, બંકર-વિમાનો તોડવાના -
વટાવે શહિદી, બાકી ઠેરઠેર પૂલવામા છે...

હાઈકુ

'કૈં તૂટ્યું નથી!'
વિમાન કે બંકર -
(-તો) બૉંબ નાખ્યા ક્યાં?

અમારો દ્રોહ?
'સહી શકાય નહીં.'
છે રાજદ્રોહ

ચિંતન

સ્વયં બ્રહ્મા સ્વયં વિષ્ણુ: સ્વયમિન્દ્ર: સ્વયં શિવ: ।
સ્વયં વિશ્વમિદં સર્વં સ્વસ્માદન્યન્ન કિન્યન ॥

ઉપરોક્ત શ્લોક 'સર્વવેદાંત સાર' સંગ્રહમાંથી આવેલ છે.

આત્મા સ્વયં બ્રહ્મા, સ્વયં વિષ્ણુ, સ્વયં ઈન્દ્ર, સ્વયં શિવ અને આ વિશ્વ છે. સ્વસ્વરુપ આત્મા સિવાય બીજું કાંઈ નથી.

જેમ ચાળણીમાં ચંદ્ર કિરણના અનેક બિંબ છિદ્રની જાડાઈ-મોટાઈ પ્રમાણે દેખાય છે તે અલગ સ્વરુપે દેખાય છે પણ અંતે તો મૂળ સ્વરુપે એ જ ચંદ્ર જ છે. 'આવાં બિંબ મૂર્ખાઈથી પોતાને જ ચંદ્ર સમજી ગર્વ કરે અને આપણે પરમાત્માનું એક નાનું બિંબ જ છીએ ચાળણી - (માયા) હટી જાય તો મૂળ સ્વરુપ જોઈ શકાય...'

સુવિચાર

- જવલ્લે જ કોઈ ધનવાન માણસ મિત્ર અને ખુશામતિયા વચ્ચેનો ભેદ પારખી શકે - **જનકલ્યાણ**
- મનડું જો ભટક્યા કરે, માળા બિચારી શું કરે ? - **ભૂપત વડોદરિયા**
- આધુનિક મનુષ્ય જાનવર જેટલો જ આક્રમણખોર છે, કારણ કે એ ભયભીત છે - **કવી ટેનીસન**
- હરેક માણસની તહેનાતમાં એક અદૃશ્ય હજૂરિયો હોય છે,
  શું કરવું તે હંમેશા નહિં કહેં, પણ શું ન કરવું તેની ચેતવણી તો એ હંમેશા આપે જ છે - **બોધિવૃક્ષ**
- 'હું' નો ખ્યાલ ક્યાંથી પેદો થાય છે એનો વિચાર કરો તો મન એમાં લીન થશે.
  મન લીન થાય તેનું નામ તપ - **રમણ મહર્ષિ**
- ભૂલ કબૂલ કરવાનો સીધો અર્થ એ થાય છે કે ગઈકાલ કરતાં
  આજે હું વધારે સારો થયો છું - **ફ્રાઘર વાલેસ**
- આજનું ઔષધ : તુવેરની કોરી દાળ ને વાટીને પાણીમાં પીવડાવવાથી ભાંગનો નશો ઉતરે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગુરુ અને શિષ્ય જ્ઞાનચર્ચા કરતા હતા અને ચર્ચામાં રાત પડી ગઈ. શિષ્યે મધરાતે ઘરે પાછા ફરવા તૈયારી કરતા કહ્યું, 'ગુરુદેવ, મને એક દીપક આપો તો હું એના અજવાળે ઘરે પહોંચી શકું.' ગુરુએ દીપ પ્રગટાવી શિષ્યને આપ્યો. શિષ્યે વિદાય લીધી તો સાથે ગુરુ પણ એના પડછાયાની જેમ ચાલવા લાગ્યા. શિષ્યને ગુરુની હરકત જોઈને આશ્ચર્ય થયું. શિષ્યનું ઘર આવવામાં હતું ત્યાં જ ગુરુએ આગળ આવીને ફૂંક મારીને દીપ બુઝાવી નાખ્યો. શિષ્યને આશ્ચર્ય થયું. એણે ગુરુને પૂછ્યું, 'ગુરુદેવ, આપે જે દીપ પ્રગટાવી આપ્યો હતો અને આપે જ એને બુઝાવી નાખ્યો ?' ગુરુએ કહ્યું, 'વત્સ, થોડે સુધી મારા પ્રગટાવેલા દીપના અજવાળે તું ચાલે તે બરાબર છે. પણ આગળના માર્ગને પ્રકાશિત કરવા તારે સ્વયં દીપ પ્રગટાવવાનો રહેશે. બીજા એ પ્રગટાવેલા દીપના આધારે આખી જિંદગી ચાલવાનું ન હોય.' શિષ્યે પૂછ્યું, 'પોતે જ પોતાને દીપ પ્રગટાવે તો શું થાય ?' ગુરુએ કહ્યું, 'એ દીપ એવો હશે કે જે કોઈ છીનવી શકશે નહિ અને બુઝાવી પણ શકશે નહીં. પોતાનો દીપ એ જ પોતાના સાધના માર્ગનું સર્વોત્તમ પાથેય છે.'

'અબ હોગા ન્યાય' કે 'ફિર એક બાર મોદી સરકાર'

તંત્રીસ્થાનેથી...

પ્રજા માટે ૨૦૧૯ની ચૂંટણી એક કઠિન કોયડો બની રહી છે. હાલ તો ચૂંટણી જાણે મોદી અને રાહુલ વચ્ચે જ લડાઈ રહી હોય અને પ્રાદેશિક નેતાઓ હાંસિયે ધકેલાઈ ગયા હોય એવો માહોલ વરતાઈ રહ્યો છે. શરુઆતના તબક્કે જંગ ત્રિપાંખિયો લાગી રહ્યો હતો. ત્રીજું પરિબળ તે વિવિધ પ્રાદેશિક પરિબળોનું ગઠબંધન ધાર્યા મુજબ જામ્યું નથી. પ્રાદેશિક સ્તરે આથી ભાજપને સીધી ટક્કર આપવાનું ઉત્તરપ્રદેશ જેવા મહત્ત્વનાં રાજયમાં પણ શક્ય નથી બન્યું. અમુક રાજયોમાં ત્રીજું પરિબળ એટલું હાવી થઈ ગયું છે કે ત્યાં ભાજપ અને કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષો માટે પ્રવેશ મેળવવો પણ અઘરો છે. ગઠબંધન શબ્દ આગળ 'મહા' વિશેષણ લગાડી એને કોંગ્રેસ સાથે સાંકળવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. દિલ્હીમાં શીલા દીક્ષિતને અરવિંદ કેજરીવાલની શરતે સમાધાન કરવાનું ન જ ગમે તે સ્વાભાવિક છે. શીલા દીક્ષિતે દિલ્હીના નગરરાજય પર સળંગ ત્રણ ત્રણ ટર્મ સુધી એકચક્રી શાસન કર્યું હતું અને એને આધુનિક મહાનગર બનાવવામાં એમનો સિંહફાળો હતો. કેજરીવાલ સમયના તકાજા સ્વરુપે ઊપસ્યા પણ એમનું ગજું રાષ્ટ્રીય સ્તરના નેતાનું નથી. પહેલાં તો એમનામાં નેતાનાં પરિચાયક લક્ષણો જ નથી. વધુ પડતી મહત્ત્વાકાંક્ષાને કારણે એમને વારાણસીમાં ભાજપના તત્કાલીન વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી વિરુદ્ધ ભિડાઈ જઈ પોતાની આબરૂના પોતે જ ધજાગરા ઉડાડ્યા હતા. પંજાબમાં એમની પાર્ટીને થોડી અનુકૂળતા મળતી વરતાયેલી તે અકાલી રાજકારણથી ત્રાસેલી અને હરમિંદર સાહેબ પરના હુમલાને કારણે કોંગ્રેસની વિરુદ્ધ થઈ ગયેલી શીખ પ્રજાને લીધે પંજાબની સફળતા ક્ષણિક હતી તે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના કેપ્ટન અમરિંદરસિંહની આગેવાની નીચે રચાયેલી સરકારે સાબિત કરી દીધું. ગુજરાતમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને કનુભાઈ કળસરિયા જેવા એક્ટિવિસ્ટોના સહકાર છતાં 'આપ' સદંતર નિષ્ફળ રહી. નેતાગીરી એ માત્ર સજ્જનતાની વ્યક્તિપૂજામાંથી નથી આવતી. એના માટે ટીઆરએસના નેતા ચંદ્રશેખર જેવી ખતમ થવાની ખુમારી જોઈએ. એણે તેલંગાણા પ્રશ્ને કેટલી મોટી ઝુંબેશ ઉપાડી હતી ! આજે તેલંગાણા પૂરતા એ સર્વોત્ત નેતા છે જયાં મોદી કે રાહુલની રાષ્ટ્રીય પાર્ટીઓ હાંસિયે ધકેલાઈ ગઈ છે. એ જુદી વાત છે કે કેન્દ્રમાં સત્તાસ્થાને બેસાડવા કઈ મોટી પાર્ટી સાથે સંકળાવું તે ચંદ્રશેખર સમય વર્તે સાવધાન મુજબ નક્કી કરશે. 'મમતા દીદી'ને હંફાવવા મોદી જ નહીં, રાહુલ ગાંધી પણ સક્રિય થયા છે. ડાબેરીઓ તો પહેલાંથી મમતાનો ઘડો લાડવો કરવા ટાંપીને જ બેઠા છે. ઉત્તરપ્રદેશમાં બહુમતી મતો કોંગ્રેસ તરફ ન ફંટાઈ જાય એની માયાવતી અને અખિલેશ બેઉને ફિકર થવા લાગી છે. બિહારમાં જેલવાસી લાલુ યાદવ માટે પરિવારમાં પડેલી તિરાડ સાંધવાનો પડકાર ઊભો થયો છે. શશી થરૂરે મોદીને દક્ષિણનાં રાજયોમાં ચૂંટણી લડવા પડકાર ફેંક્યો છે. આ બધા ડહોળાયેલા વાતાવરણ વચ્ચે રાહુલની 'ન્યાય યોજના' કે જેમાં દરેક પરિવાર ગરિમાપૂર્વક જીવી શકે એ માટે વર્ષે દહાડે ૭૨, ૦૦૦ સુધીની આવક સુનિશ્ચિત કરી આપવાનો સધિયારો કે પછી 'ફિર એક બાર મોદી સરકાર' ના નારાને દેશનો સવર્ણ - ઉચ્ચ - મધ્યમ વર્ગ બહાલ કરી શકશે એ સમય જ કહી શકશે.

કર્મફળના અજવાળાં

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'મહારાજ, કાંઈ સમજણ પડતી નથી, વારેવારે મારી સાથે કેમ આવું થાય છે ? અનિકેતે એમના મિત્ર, કર્મકાંડી બ્રાહ્મણ અને જયોતિષ વિદ્યાના અભ્યાસી જયદેવભાવને પૂછ્યું', 'તમારા જેવા અનુભવી માણસે તો એમ વિચારવું જોઈએ કે કરેલા સારા કર્મોએ તમને ઉગાર્યા, પરિણામે શારિરીક-આર્થિક નુકસાની થાય છે પણ સાવ ઓછી, અને તમે તુરંત ફરી બેઠા થઈ જાવ છો... છતાં એક કામ કરો... જયારે જયારે મનમાં આવા પ્રશ્નો ઉદ્‌ભવે ત્યારે ત્યારે તમે જેનો નિયમિત પાઠ કરો છો, એ પુસ્તકમાંથી એક પ્રસંગનું ફરી ફરી વાંચન કરીને સાર ગ્રહણ કરજો...' એ વળી કયું પુસ્તક ? અનિકેતે કહ્યું.... ને જવાબ મળ્યો... તુલસીદાસજી રચિત રામચરિત માનસમાં લક્ષ્મણ અને નિષાદરાજ ગૃહનો રાત્રીના સમયે થયેલો સંવાદ વાંચજો - અર્થને સમજજો તો ઘણા પ્રશ્નો આપોઆપ સમી જશે...'

વાત એમ હતી કે અનિકેતને થયેલા એક અકસ્માતમાં સાવ ઓછી ઈજા થઈ પણ પછીયે બે વાર સાવ કોઈ કારણ વિના - કોઈ ભૂલ વિના જાણે ગુરુત્વાકર્ષણ એને ખેંચતું હોય એમ બે વાર એ ખુરશીમાંથી પડ્યો... જરાયે ઈજા ન થઈ એનો આનંદ હતો. પણ પ્રશ્ન યે.. હતા. અને એણે એ સંવાદનો અભ્યાસ શરૂ કર્યો.

રામના વનવાસનો આરંભ થયો છે. લક્ષ્મણ અને સીતા સાથે તેઓ શ્રંગવેરપુર પહોંચે છે, રામજી ગંગા નદીમાં સ્નાન કરે છે, પવિત્ર જળ પીવે છે, આ તરફ નિષાદરાજ ગુહને સમાચાર મળે છે, હર્ષિત થઈને તેઓ આવી પહોંચે છે. વનમાં જ રહેવાનું હોવાથી ત્યાં જ ગુહ કોમળ પાંદડાઓની પથારી કરે છે... રામચંદ્રજી નિંદ્રાધીન થાય છે.

પ્રભુને જમીન પર સુતેલા જોઈ નિષાદરાજને પીડા થાય છે. તેઓ લક્ષ્મણને કહે છે, આવી દશામાં હું રામજીને નથી જોઈ શકતો. સીતા અને રામ શું વનને યોગ્ય છે ? કૈકેયીએ કુટિલતા કરી અને રામ-જાનકીને દુ:ખ આવ્યું. સૂર્યકુળ રૂપી વૃક્ષ માટે તે કુહાડી બની ગઈ. એની કુબુદ્ધિ સંપૂર્ણ વિશ્વને દુ:ખી કરી ગઈ....

ગોસ્વામી તુલસીદાસજી લખે છે ચોપાઈમાં આ વાત...

ભઈ દિનકર કુલ બિટપ કુઠારી,
કુમતિ કીન્હ સબ બિસ્વ દુખારી,
ભયઉ બિષાદુ નિષાદહિ ભારી,
રામ સીય મહિ સયન નિહારી...

એના જવાબમાં લક્ષ્મણજી જ્ઞાન-ભક્તિ અને વૈરાગ્યથી સભર મૃદુ વાણીમાં ગુહને સમજાવે છે. 'હે ભાઈ, કોઈ-કોઈને સુખ-દુ:ખ આપી શકતું નથી. જે સ્થિતિ છે એ પોતાના જ કર્મોનું પરિણામ છે.'

તુલસીદાસજી આ વાતની ચોપાઈ લખે છે.

બોલે લખન મધુર મૃદુ બાની,
ગ્યાન બિરાગ ભગદતિ રસ સાની
કાહુ ન કોઈ સુખ-દુ:ખ કર દાતા,
નિજ કૃત કરમ ભોગ સબુ ભ્રાત.

હજી આગળ વધતા લક્ષ્મણજી કહે છે, 'મળવું, છૂટાં પડવું, સારા-ખરાબ માણસો, શત્રુ-મિત્ર આ બધું જ ભ્રમ છે. જન્મ-મૃત્યુ, સંપત્તિ-વિપત્તિ, સ્વર્ગ-નર્ક, આ બધ્ધાનું મૂળ અજ્ઞાન છે. જેમ સપનામાં રાજા ભિખારી થઈ જાય અથવા કંગાળ માણસ સપનામાં ઈન્દ્ર રાજા થઈ જાય તો જાગ્યા પછી હાનિલાભ જેવું કાંઈ હોતું જ નથી. એવી રીતે આ દશ્યોને જોવા જોઈએ. માટે ક્રોધ કરીને કોઈ દોષ દેવો યોગ્ય નથી. ભોગ-વિલાસથી વૈરાગ્ય આવે ત્યારે જ માણસ જાગેલો ગણાય... મિત્ર, તું મોહને છોડ, બસ માત્ર સીતા-રામજીના ચરણોમાં પ્રેમ કર. આમ વાતો કરતા કરતા અંધારું દૂર થાય છે. સૂરજનું પ્રથમ કિરણ અજવાળું રેલાય છે અને નિષાદરાજ ગુહના મન-બુદ્ધિમાં પણ અજવાળું થાય છે... એ ભાવપૂર્વક રામ-સીતાની સેવામાં જોડાય છે. પોતે કહેલી વાતની અસર થયેલી જોઈને લક્ષ્મણ પણ રાજી થાય છે. વન વિચરણનો ક્રમ આગળ વધે છે.'

આપણે ત્યાં કર્મના ફળ ભોગવવા જ પડે છે એ સિદ્ધાંત આપણને સદકાર્ય કરવા-સત્કર્મ કરવા પ્રેરે છે. રામ કે કૃષ્ણ પણ જયારે માનવરૂપે જન્મ ધારણ કરે ત્યારે તેઓએ પણ કર્મના ફળ ભોગવવા જ પડ્યા છે. લક્ષ્મણ જેવું કોઈ મનમાં સમજણના અજવાળા રેલાય છે.

સામાન્ય બની જીવવું એ અસામાન્ય વાત છે

વિચારયાત્રા
ડો. જય ઓઝા

હું જાઉં તો જગતમાં થોડોક ફરક પડશે
એવું અભિમાન હવે નથી રહ્યું.
એક દિવસ
દુનિયાની કાયાપલટ કરવાની
હોંશ લઈ વાળેલી અક્કડ મુઠ્ઠી
દુનિયાદારીથી ભીંજાઈ હવે પોચી થઈ છે.
જે બસમાં હું રોજ મુસાફરી કરું છું એ
૧૦૧ નંબરમાં
મારી બેઠક ખાલી નહીં રહે.
ઑફિસમાં
ગોદરેજની ખાલી પડેલી ખુરશી માટે
ટાંપીને બેઠેલો કલાર્ક
સાહેબની આજુબાજુ પૂંછડી પટપટાવશે,
કહેશે : 'મિસ્ટર શાહ ઘણા પરગજુ હતા.
પણ ભલા, એક ક્લાર્ક ખાતર
ઑફિસ બંધ થોડી જ રાખી શકાય ?'
બપોરે ટી ટાઈમમાં
ભટ્ટ ટેબલ ઉપર નજર ફેરવશે.
હું નહીં હોઉં
ને
રજિસ્ટરમાંથી એ મારું નામ કાઢી નાખશે.

- વિપિન પરીખ

શ્રી વિપિન પરીખ મારા મનપસંદ કવિઓમાંના એક કવિ છે, અછાંદસમાં તેમની પકડ એવી છે કે આપણે રીતસર જકડાઈ જઈએ.

હમણાં જ ભારતીય અંગ્રેજી કવિ નિસીમ એઝિકિયેલની કવિતા વાંચવામાં આવી જેને શ્રી સુરેશ દલાલે સરસ નિરુપી છે. નિસીમની 'રેલવે કલાર્ક' નામક કવિતા પરથી મને શ્રી વિપિન પરીખનું 'કારકૂનનું મરણ' કવિતા યાદ આવી ગઈ.

નિસીમ સાવ સામાન્ય વિષયમાંથી અસામાન્ય વાત શોધી લાવતા હતા, 'રેલવે કલાર્ક' કવિતામાં સ્વયં 'રેલવે કલાર્ક' જ પોતાની વાત શરું કરે છે.

મારો કોઈ વાંકગુનો નથી. હું મને જે કંઈ સોંપવામાં આવે છે તે કરું છું, મારું કામ પૂરેપૂરી નિષ્ઠાથી કરું છું, અને છતાંયે કશું પણ આડુંઅવળું થાય તો દોષનો ટોપલો મારા પર ઢોળવામાં આવે છે.

મેં ક્યારેય મારી જવાબદારીને અવગણી નથી. હું મારી ફરજ પૂરેપૂરી બજાવું છું. આવું કરવામાં કોઈના પર ઉપકાર નથી કરતો, પણ મારા કામની કોઈ કદર નથી કરતું. કોઈ કરતા કોઈ નહીં. મને ખબર નથી કે આમને આમ જિંદગી ક્યાં સુધી ચાલશે ?

અદ્દલ આપણા મનની છટપટાહટ જ નિસીમ એઝિકિયેલે કાગળ પર ઉતારી દીધી હોય તેવું લાગે છે ને !

આ વાત આપણામાંના દરેક મિડલ ક્લાસ મેંગો પીપલને ખાસ કરીને નોકરી કરીને પેટીયું રળતા દરેકને લાગું પડે છે. આપણે સહું આવી જ પરિસ્થિતિથી લિપ્ત છીએ.

સામાન્ય બનીને રહેવું, સામાન્ય બનીને જીવવું એ વાસ્તવમાં અસામાન્ય વાત છે, રોજ રોજ પોતાની મહેચ્છાઓને મારી-મારીને બીજાના ઈશારે કામ કરતા રહેવાની આજ્ઞા માનતા રહેવાથી જે માનસિક પરિતાપ અનુભવાય છે, તે પરિતાપ સહન કરવો જેવા તેવા ના બસની વાત નથી.

એક સામાન્ય કારકૂન કે અદના કર્મકર તરીકે કામ કરનાર વ્યક્તિ જાણે કે બધા જ ઉપરી અમલદારોનો બાપીકો માલ બની જતો હોય છે, જે આવે તે ટપલા મારીને જતો રહે છે.

ઈમાનદારીથી એકધારું કામ કરતો રહેતો ચૂપચાપ જવાબદારી નિભાવતો કર્મચારી ક્યારેય મોટા શિરપાવનો હકદાર બની શકતો નથી. અને ભૂલેચૂકે પણ જો તેના જરાક જેટલા વખાણ કરી દેવામાં આવે તો તે દિવસ તે સામાન્ય વ્યક્તિ માટે વિશેષ દિવસ બની જતો હોય છે.

લગભગ બધો જ ભાર પોતાની કેડે વેંઢારતો કારકૂન કોઈની નજરે ચડતો નથી. દરેક જગ્યાએ 'જો દિખતા હૈ વો બિકતા હૈ' ના નિયમ પ્રમાણે મૂક કાર્ય કરીને પાયાનો પથ્થર બનનાર તો ક્યારેય દેખાતો જ નથી.

ધીરે ધીરે કારકૂનની પોતાની માનસિકતા પણ સૂક્ષ્મ બનતી જતી હોય છે, એક સમયે મોટા-મોટા સ્વપ્નો જોતી તેની આંખને પણ વેંહતીયા છાપ જીવન જીવવાના સ્વપ્ન આવવા માંડે છે.

ઝાંમર યુક્ત આંખે તે માત્ર જીવન નિર્વાહ કેવી રીતે કરવો તે જ જોતો રહે છે. દુનિયાને બદલી નાખવાના સ્વપ્નો જોતી તેની આંખને 'પીળીયો' થઈ જતા માત્ર ઘરની દીવાલોના કલર બદલવા પૂરતો સીમિત થઈ જાય છે.

કંઈ નવું, સર્જનાત્મક, વિશેષ વિચારવાની શક્તિ તેનામાં નથી રહી તેવું જરાય નથી. તેનામાં પણ પારાવાર શક્યતાઓ રહેલી છે. અદ્‌ભૂત ઉપાયો તેના ભેજામાં પણ પડેલા છે. પરંતુ અફસોસ કે અવનવા આઈડિયાને અનુસરવા માટે બીજા કોઈ તો શું સ્વયં તે જ અચકાતો જાય છે. અને આમ જ આવી રીતે ધીરે ધીરે તે કુંઠિત થઈને સ્વયંના કોચલામાં જ સંકોચાતો જાય છે.

પારાવાર ક્ષમતાઓ અને શક્યતાઓનો કોશેટો અંદરને અંદર જ ગર્ભ મરણને પ્રાપ્ત થઈને રહી જાય છે, અથવા તો ચૂપ રહેવાના અજાણ્યા ફરમાનને અનુસરતો થઈ જાય છે. ઘણીવાર વિચાર આવે કે, ઈશ્વરે તો બધાને એક સરખા બનાવ્યા છે, તો શું દુનિયા સામે મગરુરીથી ભાથ ન ભીડવી કે પછી જિંદગીએ જે કઠિનતાઓ આપી તેને નતમસ્તકે સ્વીકારી લેવાની ગુસ્તાખી કરનાર વ્યક્તિ તરીકેનો તેનો આ ગુનો તેને આખી જિંદગી ભોગવવો પડશે કે શું ?

- jayuoza@gmail.com,
Mo. 9898046488

લાગણીને ઉંમરનો બાધ અને સરહદના સિમાડા નથી હોતા

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સમસ્યા છે તો એનું સમાધાન છે. જે દિવસથી જીવનમાં સમસ્યાઓ સમાપ્ત થઈ જાય એ દિવસે જીવન સમાપ્ત થઈ જાય. સમસ્યા છે તો જીવન છે. જ્યારે જ્યારે સમસ્યા સામે આવે ત્યારે જીવન પણ દ્રઢતાપૂર્વક માર્ગ કાઢવા આપોઆપ સજ્જ બની જતું હોય છે.

સમસ્યાને લાગણી અને હકીકત એમ બે ઍંગલથી મુલવવામા આવે છે. સમસ્યા જ્યારે લાગણીના ત્રાજવે તોળાય ત્યારે તે વધુ નકશીકામ સાથે જીવનને નિખારવાનું કામ કરતી હોય છે. ફિલિંગ્સ વર્સીસ ફેક્ટ્‌ના ઈક્વેશનમાં ફિલિંગ્સ હંમેશા વિજેતા બનતી હોય છે. લાગણીની કોઈ ઉંમર નથી હોતી. ૧૫ વર્ષે લાગણીની માત્રા ઓછી હોય અને ૩૫ વર્ષે વધુ હોય એવું ન બને. લાગણીઓને સરહદના સીમાડાઓ નથી હોતા. લાગણી ક્યારેય મરતી નથી. લાગણી હંમેશા હૃદયના આકાશમાં વિસ્તરતી રહે છે. લાગણી જીવનને ભીનું ભીનું અને હરિયાળું રાખે છે.

કોઈની લાગણીને ઠેસ પહોંચાડવામાં આવે એ મધદરિયે સ્ટીમરમાંથી પથ્થર ફેંકવા જેવી વાત છે. કોઈની લાગણીને વાગેલી ઠેસ હૃદયના સમુદ્રમાં કેટલે ઊંડે પહોંચી જશે એનો અંદાજ લગાવવો અઘરો હોય છે. લાગણીઓના તુટેલા ટુકડાઓ ઉપર આંસુઓના પ્લેટફોર્મ બની જતા હોય છે. આંસુ દુનિયાનું સૌથી મૂલ્યવાન દ્રાવણ એટલે કહેવાય છે કે એમાં માત્ર એક ટકો પાણી અને નવ્વાણું ટકા લાગણી હોય છે.

દુનિયાના સૌથી મોટા સાંસ્કૃતિક મસિહા રવિન્દ્રનાથ ટાગોરની અંતિમ ક્ષણોની એક લાગણીપ્રધાન વાત છે. રવિન્દ્રનાથ બંગાળના સૌથી ધનાઢ્ય જમીનદાર દેવેન્દ્રનાથ ટાગોરના પૌત્ર હતા. નોબલ પ્રાઈઝ વિજેતા હતા. જેમને ગાંધીજી ગુરુદેવ કહેતા એવા રવિન્દ્રનાથ ટાગોરે ૬૪ વર્ષની ઉંમરે માટીથી મકાન બનાવવાનું એટલા માટે શીખ્યું કે સામાન્ય માણસોની લાગણીઓને સમજી શકાય. એમણે નદી કિનારે કાળી માટીથી ઝુંપડી બનાવી અને એનું નામ 'શ્યામલી' રાખ્યું. એમાં ગુરુદેવ રહ્યાં પણ ખરાં.

જીવનભર લાગણીઓના મહાસાગરમાં મહાલતા ટાગોરે સતત વાંચન, લેખન અને નવું શીખવાનો ઉપક્રમ જારી રાખ્યો. રવિન્દ્રનાથે દેહ છોડ્યો એના આગલા દિવસે ક્ષિપેન્દ્ર મોહન સેન એમને મળવા ગયા. ક્ષિપેન્દ્ર મોહને ટાગોરની આંખમાં દડદડતા આંસુ જોઈને કહ્યું, 'દાદા તમને મૃત્યુનો ભય લાગે છે ?' ત્યારે ટાગોરે ક્ષિપેન્દ્ર મોહનને જવાબ આપ્યો કે, 'ઈશ્વરનો લાગણીસભર ઉપહારનો સાગર એટલો વિશાળ છે કે એમાંથી હું ખૂબ ઓછું લઈ શક્યો, કારણ કે મારી ડોલ ખૂબ નાની હતી અને ઈશ્વર તો મને મહાસાગર આપવા માંગતો હતો.'

દુનિયાના મહાન ચિંતકોમાં જેની ગણના થાય છે. જેમણે ગીતાંજલી જેવું મહાકાવ્ય વિશ્વને આપ્યું છે, ચિત્રકાર, શિલ્પકાર, લેખક, વાંચક, શિક્ષક એવી બહુમુખી પ્રતિભાના માલિક રવિન્દ્રનાથ ટાગોર જીવનના અંતિમ તબક્કે લાગણીવશ બની એમ કહે છે કે, ઈશ્વર તો દરિયો ભરીને મને આપવા ઊભો છે અને એક નાની ચમચી જેટલું જ એ મેળવી શક્યા. જ્યારે બીજી બાજુ કોઈ પ્રતિષ્ઠિત સંસ્થામાંથી બિઝનેસ મેનેજમેન્ટના સ્નાતક થયેલા કે પ્રસિધ્ધ ડોકટર, સફળ ઈજનેર કે જાણિતા બિઝનેસમેન બન્યા એટલે દુનિયાના ખલિફા બની ગયા હોય એવા ગર્વિષ્ઠ લોકોને જોઈએ ત્યારે એમ લાગે કે આવા લોકો માટે લાગણી નામનો પ્રદેશ એમની સમજને પેલે પારનો વિષય છે.

દુનિયામાં માણવા જેવું, શીખવા જેવું એટલું બધું છે કે જીવનભર પ્રયાસ કરીએ તો પણ એક અંશ માત્ર પ્રાપ્ત થઈ શકે. એક વિશ્વ પ્રસિદ્ધ હાર્ટ સર્જને હજારો ઓપરેશનો કરીને અનેકની જિંદગીને મોતના મુખમાંથી ઉગારી હતી. આ હાર્ટ સર્જન રોજ સવારે ઈશ્વર આગળ બે હાથ જોડી નતમસ્તકે લાગણીસભર પ્રાર્થના કરે છે કે, 'હે પ્રભુ એવી કેટલીય સરળ અને સહજ લાગતી હાર્ટ સર્જરીમાં હું દર્દીનું જીવન બચાવી ન શક્યો. જ્યારે અશક્ય લાગતી એવી કેટલીય સર્જરી હતી કે જેમાં જીવ બચવો શક્ય જ ન હતો તેમ છતાં દરદીનુ જીવન મારા હાથે પુનઃ અંકુરીત થયું છે ત્યારે મારી આવડત કરતાં પણ વધુ એક અનોખી અને અલૌકિક ઐશ્વરિય શક્તિનો અનુભવ મને સતત થયા કરે છે. હે પ્રભુ તારા અસ્ખલિત વહેતા લાગણીના પ્રવાહમાંથી હું શક્ય એટલો ભિંજાતો રહુ એવી મોજ આપતો રહેજે' સમસ્યાઓના સમાધાનમાં વાસ્તવિક પરિસ્થિતિ કરતાં લાગણીનું માધ્યમ હંમેશા કારગત રહ્યું છે.

ધબકાર :
જેને બીજાની લાગણીની સમજણ નથી એને બીજાનું વર્તન નૌટંકીથી વિશેષ કશું નથી લાગતું.